ક્રમાંક:-જીઆઈડીસી/ઇએનજી/વ.મ./01
જીઆઈડીસી, ઉદ્યોગભવન, વડી કચેરી,
ગાંધીનગર
તા. 07/03/2023

## સુધારા પરિપત્ર

વિષય: નિગમ દ્વારા નકશા મંજુરી અન્વયે સર્વિસ અને એમીનીટીઝ પેટે ₹ ૫૦ પ્રતિ ચો. મી. હેઠળ વસૂલવામાં આવતી ફી જે તે વસાહતમાં કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રીની યોજનાઓ હેઠળના પ્રોજેક્ટ તથા નિગમ દ્વારા ખાસ જરુરીયાત (Mandatory) જણાય તેવા કામોમાં વપરાશ કરવા બાબત.

સંદર્ભ: પરિપત્ર નં. જીઆઇડીસી/ઇએનજી/વ.મ./૩૩ ત: ૧૩/૦૯/૨૦૨૧.

સરકારશ્રી દ્વારા સમગ્ર ગુજરાતમાં નકશા મંજુર કરવાની કાર્યવાહીમાં એકસૂત્રતા જળવાઇ રહે તે હેતુથી સમગ્ર ગુજરાતમાં "Comprehensive General Development Control Regulation- 2017,UH & UHD, Govt. Of Gujarat" શિર્ષક હેઠળ નકશા મંજુરી કરવાનું નોટીફીકેશન જારી કરવામાં આવેલ છે. સદર નોટીફીકેશનમાં દર્શાવ્યા મુજબ નિગમનો ડી-9 કેટેગરીમાં સમાવેશ કરવામાં આવેલ છે. સદર નોટીફીકેશનમાં નિયત થયા મુજબ નિગમ દ્વારા નવા કરવાના થતા બાંધકામ વિસ્તારના નકશા મંજુર કરતી વખતે સર્વિસ અને એમીનીટીઝ ફી પેટે ₹ ૫૦ પ્રતિ ચો. મી. મુજબ વસુલવામાં આવી રહેલ છે. સદર વસુલાતથી એકત્ર થયેલ રકમના વપરાશ બાબતે GDCR-- 2017 માં કોઈ ઉલ્લેખ થયેલ જણાતો નથી.

જેથી નિગમની ૫૧૨ મી સભા પછી સર્ક્યુલેટીંગ એજન્ડામાં નક્કી થયા મુજબ નિગમ દ્વારા નવા કરવાના થતા બાંધકામ વિસ્તારના નકશા મંજુર કરતી વખતે સર્વિસ અને એમીનીટીઝ ફી પેટે ₹ ૫૦/- પ્રતિ ચો. મી. મુજબ વસૂલવામાં આવી રહેલ છે. જે રકમને સંબંધિત વસાહતના કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રીની યોજનાઓ હેઠળના કામો માટે મહત્તમ ₹ ૨૫/- પ્રતિ ચો.મી. (એટલે કે ૫૦% રકમ) તથા નિગમ દ્વારા હાથ ધરવામાં આવનાર ખાસ જરુરીયાતવાળા (Mandatory) કામો જેવા કે ઉદ્યોગકારોની મિલ્કતોની માપણી/ સર્વે/ સ્થળ નિરીક્ષણ રીપોર્ટ/ જરુરીયાત મુજબ વસાહતની આંતર્માળખાકીય સુવિધા/ પર્યાવરણ માટેના અભ્યાસ વગેરેની કામગીરી માટે ₹ ૨૫/- પ્રતિ ચો.મી. (એટલે કે ૫૦% રકમ) વપરાશ કરવાની વહીવટી મંજુરી આપવામાં આવે છે.

વધુમાં વસાહતની જરુરીયાતને અનુલક્ષી સદર ટકાવારીમાં ફેરફાર કરવાની મંજુરી આપવાની અને આ અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા નિગમના ઉપા. અને વહીવટી સંચાલકશ્રી હસ્તક રહેશે.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

નકલ રવાના: પ્રતિ,

- નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ......
- મેનેજરશ્રી (એસ એન્ડ એ), જીઆઇડીસી, ગાંધીનગર... તરફ જાણ તેમજ જીઆઇડીસીની વેબ સાઇટ ઉપર મુકવા સારું.

રવાના કર્યું,

જ. મેનેજર (મહેકમ)